# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-07-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ ભૂતપૂર્વ અગ્નિવીરોને હવેથી કેન્દ્રીય સુરક્ષા દળોમાં 10 ટકા અનામતનો મળશે લાભ
- ✓ CBI એ નીટ-યૂજી પેપરમાં કથિત ગેરરીતિ મામલે વધુ એકની ધરપકડ કરી, જે કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હોવાની આશંકા છે.
- ✓ છેલ્લા એક દાયકામાં દેશભરમાં 12 કરોડ, 50 લાખ રોજગાર ઉભા કરાયો હોવાનો ભારતીય જનતા પક્ષનો દાવો
- ✓ ભારત 2027 સુધીમાં વિશ્વની સૌથી મોટી મહાસત્તા બનશે તેવો બ્રિટનના આર્થિક નિષ્ણાત માર્ટલ વૂલ્ફનું અનુમાન
- ✓ અને ચારધામ યાત્રાએ જનારા શ્રદ્ધાળુઓના આરોગ્ય નિરીક્ષણ માટે ઉત્તરાખંડ સરકારે 'ઇસ્વાસ્થ્ય ધામ' પોર્ટલ શરૂ કર્યું

## *AGNIVEER*

**કેન્દ્રીય સુરક્ષા દળોમાં ભૂતપૂર્વ અગ્નિવીરો માટે હવે 10 ટકા અનામત અમલી બનશે.**

**અગ્નિપથ યોજનાને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રીય દળો દ્વારા આ જાહેરાત કરાઈ છે. સીમા સુરક્ષા દળ – BSF, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ – CRPF, કેન્દ્રીય ઔદ્યોગીક સુરક્ષા દળ -CISF તેમજ સશસ્ત્ર સીમા દળોમાં અગ્નિવીરોને હવે અનામતનો લાભ મળશે. તમામ દળોના પ્રમુખોએ પત્રકારોન સંબોધતા કહ્યું કે ભૂતપૂર્વ અગ્નિવીરોને આ અનામત હેઠળ વય મર્યાદામાં છૂટ મળશે. આ માટે તેમને કોઈ શારીરિક પરીક્ષા પણ નહીં આપવાની રહે.**

CISFના મહાનિદેશક નીના સિંહે કહ્યું કે ગૃહ મંત્રાલયે કેન્દ્રીય સુરક્ષા પોલીસ દળોમાં પૂર્વ અગ્નિવારોની ભર્તી માટે મોટું પગલું લીધું છે. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે CISF આ મામલે તમામ પ્રકારની વ્યવસ્થા કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે કોન્સ્ટેબલની દસ ટકા ખાલી જગ્યાઓ માટે ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રહેશે, અને તેમને શારીરિક પરીક્ષામાંથી છૂટ મળશે.

સીમા સુરક્ષા દળના મહાનિદેશક નીતિન અગ્રવાલે કહ્યું કે અગ્નિવીરો સૈનિક તરીકે તૈયાર થઈ રહ્યા છે, આનાથી સૈન્યની તમામ પંખોને લાભ થશે, સામે અગ્નિવીરોને પણ ફાયદો થશે.

રેલવે સુરક્ષા દળના મહાનિદેશક મનોજ યાદવ, સશસ્ત્ર સુરક્ષા દળના મહાનિદેશક દલજીત સિંહ, તેમજ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના મહાનિદેશક અનીશ દયાલે પણ સરકારના આ પગલાને આવકાર્યું હતું.

.................

## *CBI – NEET*

કેન્દ્રીય તપાસ સંસ્થા – CBI એ નીટ-યૂજી પેપર લીક મામલે એક વ્યક્તિની ધરપકડ કરી છે.

રાકેશ રંજન ઉર્ફે રૉક્સી નામનો આ શખ્સ પેપર લીક કૌભાંડનો મુખ્ય આરોપી હોવાનું પોલીસનું માનવું છે. જેને 10 દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. આ મામલે કેન્દ્રીય તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં ડઝનથી વધુ લોકોની ધરપકડ કરી છે. જેમાં ઝારખંડના હઝિરાબાગની એક શાળાના પ્રિન્સિપાલ તેમજ વાઇસ પ્રિન્સિપાલ સામેલ છે. સીબીઆઈ અને વિવિધ રાજ્યોની પોલીસ આ પેપરલીક મામલે દેશવ્યાપી કાવતરાની દિશામાં તપાસ કરી રહી છે.

સીબીઆઈએ આ મામલે જુદા જુદા રાજ્યોમાં કુલ મળીને 6 જેટલી FIR દાખલ કરી છે. અત્યાર સુધીની તપાસમાં સમગ્ર કૌભાંડની શરૂઆત ઝારખંડની હઝિરાબાગની ઓઇસીસ શાળામાંથી થઈ હોવાનું બહાર આવ્યું છે.

.................

# *BJP JOBS*

ભારતીય જનતા પક્ષે દાવો કર્યો છે કે 2014થી 2023ના દાયકામાં દેશમાં 12 કરોડ, 50 લાખ રોજગારની તકો ઉભી કરાઈ.

આ કારણે ભારત દુનિયામાં સૌથી વધુ રોજગાર સર્જન કરનારા ટોચના દેશોમાં સામેલ થયું છે. નવી દિલ્હીમાં ભાજપ પ્રવક્તાએ એક સંમેલનમાં પત્રકારોને સંબોધતા આ વાત કહી.

તેમણે કહ્યું કે 2004થી 2014 દરમિયાન યૂપીએ સરકારના શાસનમાં માત્ર બે કરોડ, 90 લાખ રોજગારની તકો સર્જાઈ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં રાજકીય ઇચ્છા શક્તિ સાથે એક સ્થિર સરકાર છે.

.................

# *INDIAN ECONOMY*

ભારત વર્ષ 2047 સુધી મહાસત્તા બની જશે તેવું અનુમાન બ્રિટનના વરિષ્ઠ અર્થશાસ્ત્રી માર્ટિન વુલ્ફે રજૂ કર્યું છે.

એક અખબારમાં લખેલા લેખમાં બ્રિટનના આ વરિષ્ઠ આર્થિક નિષ્ણાતે દાવો કર્યો છે કે, ભારત ચાર ગણી વધુ વસતી સાથે વર્ષ 2047માં અમેરિકાના ઉત્પાદનની બરાબરી કરશે.

શ્રી વુલ્ફે કહ્યું છે કે જો ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન વર્ષ 2047 સુધી પ્રતિ વર્ષ 5 ટકાના દરે, જ્યારે અમેરિકાનો વિકાસ દર 2.3 ટકાના દરે વધશે તો ભારતીય અર્થવ્યવસ્થા, અમેરિકાની બરાબરી કરી શકે તેમાં કોઈ બે મત નથી. માર્ટિલ વુલ્ફ વધુમાં જણાવે છે કે ભારતમાં સમાર્થ્ય છે અને પશ્ચિમના દેશો સાથે તેના સારા સંબંધો છે, જે રાજદ્વારી રીતે મહત્વનું છે.

તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ-IMFનું માનવું છે કે, ભારત, વિશ્વ અર્થવ્યવસ્થામાં ‘કનેક્ટર દેશ’ છે. વધુમાં તેઓ કહે છે કે ભારત ઘરેલું અને વૈશ્વિક સ્તરે વેપાર-ઉદારીકરણનું નેતૃત્વ કરી શકે છે, અને તેણે કરવું પણ જોઈએ.

.................

## *VP MAHARASHTRA*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મુંબઈનાં નરસી મોનજી પ્રબંધન સંસ્થાનના વિદ્યાર્થીઓને સંબોધન કરશે.

ઉપરાષ્ટ્રપતિ 'સશક્ત ભારત: વિકસીત ભારત 2047'ના નિર્માણ માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોની ભૂમિકા વિષય પર વક્તવ્ય આપશે.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસ, અને રાજ્યસભા સાંસદ પ્રફુલ પટેલ પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનો હેતુ વિકસીત ભારત 2047ની પહેલને અનુરૂપ ભારતના ભવિષ્યને આકાર આપવાની દિશામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરવાનો છે.

.................

## *MID BREAK NEWS NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *RAJNATH SINGH*

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહને નાદુરસ્ત તબિયતને કારણે ગઈકાલે દિલ્હીની એઇમ્સ હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

.................

## *ASSAM FLOOD*

આસામમાં પૂરને પગલે અત્યાર સુધીમાં 84 લોકોના મોત થયા છે. રાજ્યના નાગાંવ જિલ્લામા પૂરને કારણે ગઁભીર સ્થિતિ બનેલી છે, જ્યાં હજારો લોકો પ્રભાવિત થયા છે.

આસામ રાજ્ય આફત નિવારણ વિભાગના આંકડાઓ પ્રમાણે એકલા નાગાંવ જિલ્લામાં 20 હાજર 612 બાળકો સહિત 79 હજાર લોકો પૂર અસરગ્રસ્ત છે. પૂરના પાણીને કારણે 184 ગામ ડૂબી ગયા છે, જ્યારે 18 હજાર, 231 હેક્ટરમાં રહેલો ઉભો પાક ધોવાઈ ગયો છે.

રાજ્યના કાઝીરંગા નેશનલ પાર્કમાં પૂરને પગલે 10 ગેંડા સહિત 174 પ્રાણીઓના મોત થયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર પાર્કમાં પૂરના પાણી ઓસરતા સ્થિતમાં સુધાર થઈ રહ્યો છે.

.................

## CHARDHAM YATRA

ચારધામ યાત્રાએ જનારા શ્રદ્ધાળુઓ હવે 'ઇસ્વાસ્થ્ય ધામ' પોર્ટલની મદદથી આયુષ્યમાન ભારત આરોગ્ય ખાતું ખોલાવી શકે છે.

ઉત્તરાખંડ સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 'ઇસ્વાસ્થ્ય ધામ' પોર્ટલ શરૂ કરાયું છે. જે અંતર્ગત હવે ચારધામ જનારા શ્રદ્ધાળુઓના આરોગ્યનું નિરીક્ષણ કરાશે. શ્રદ્ધાળુઓની સમગ્ર યાત્રાને સરળ અને આરોગ્યપ્રદ બનાવવાના હેતુથી આ પોર્ટલ શરૂ કરાયું છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ઇસ્વાસ્થ્ય ધામ પોર્ટલ આભા સહિતના વિવિધ લાભો પ્રદાન કરશે. આભા એ 14 આંકડાનો એક નંબર છે, જે અંતર્ગત શ્રદ્ધાળુઓના આરોગ્યની વિગતોનો સંગ્રહ કરાશે. જરૂર પડે એ વિગતો શ્રદ્ધાળુઓની પરવાનગીથી ડૉક્ટર સમક્ષ રજૂ કરાશે. આ વ્યવસ્થાને કારણે ચારધામ યાત્રા પૂર્વે શ્રદ્ધાળુઓને આરોગ્ય તપાસની લાંબી લાઇનોથી મુક્તિ મળશે, સાથે જ સરળતાથી ઓનલાઇન બૂકિંગ દ્વારા તબીબી તપાસ કરાવી શકાશે.

.................

## NATO SUMMIT

સંયુક્ત રાષ્ટ્ર સંધિ સંગઠન – NATO એ યુક્રેન વિરુદ્ધના રશિયા યુદ્ધમાં ચીનને મહત્વની ભૂમિકા ભજવવાનું આરોપી ગણાવ્યું છે.

વૉશિંગ્ટનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડનની યજમાનીમાં આયોજીત નાટો શિખર સંમેલનમાં 32 સભ્યોને દેશોએ રશિયા હુમલામાં ચીનની નિર્ણાયક ભૂમિકા નિભાવવા સંદર્ભે એક સંયુક્ત જાહેરનામુ બહાર પાડ્યુ.

ચીન ઉપર નિકાસ પર પ્રતિબંધ છતાં ચીન સેમિકન્ડક્ટર, મશીની ઉપકરણો તેમજ અન્ય સાધનો, રશિયાના સંરક્ષણ ઉદ્યોગ માટે મહત્વના બની ગયા છે. નાટોનું કહેવું છે કે આ કારણે યુક્રેનમાં મૉસ્કોના સૈન્ય અભિયાનોને બળ મળ્યું. નાટો નેતાઓએ અંતરિક્ષ ક્ષેત્રે ચીનની વધી રહેલી ક્ષમતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી.

.................

## *INDIA SRILANKA*

ક્રિકેટ કંટ્રોલ બૉર્ડ ઑફ ઇન્ડિયા – BCCIએ શ્રીલંકા પ્રવાસનું સમય પત્રક જાહેર કર્યું છે. જે અનુસાર અગામી 26, 27 અને 29 જુલાઈના રોજ શ્રીલંકામાં ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય ટી20 શ્રેણી રમાશે. જે બાદ કોલંબોમાં 1, 4 અને 7 ઑગસ્ટના રોજ એક દિવસીય શ્રેણીની મેચ રમાશે.

કોચ નિમાયા બાદ ગૌતમ ગંભીરના નેતૃત્વમાં આ ભારતીય ટીમની આ પ્રથમ ટુર્નામેન્ટ હશે.

.................

## *PUJA KHEDKAR*

પ્રોબેશનરી સનદી અધિકારી પૂજા ખેડકર દ્વારા કથિત સત્તાના દૂરઉપયોગના મામલે કેન્દ્ર સરકારે એક સભ્યની તપાસ સમિતિની રચના કરી છે.. સરકારે પૂજા ખેડકર સામે કરાયેલા આરોપોની તપાસ મામલે આ સમિતિની રચના કરી છે,. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે આ તપાસ સમિતિની રચના કરી છે. જે બે અઠવાડિયામાં તેના તારણો રજૂ કરશે..

.................

## *BEN STOKES- 200 WICKETS*

ક્રિકેટમાં ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર અને કપ્તાન બેન સ્ટોક્સે ટેસ્ટ ક્રિકેટમાં 200 વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે. તે ક્રિકેટના ઇતિહાસમાં 200 વિકેટ અને 6000 રનની ડબલ સિદ્ધિ મેળવનાર માત્ર ત્રીજો ખેલાડી છે. સ્ટોક્સે ગઈકાલે લોર્ડ્સમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં કર્ક મેકેન્ઝીને આઉટ કરીને આ સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું હતું.

ઈંગ્લેન્ડના બેન સ્ટોક્સે ગઈકાલે મિકાઈલ લુઈસની વિકેટ પણ લીધી હતી અને તેની વિકેટની સંખ્યા 201 પર પહોંચી ગઈ છે.

.................